પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂઢ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com રી-સર્ચ ફોર આયુર્વેદ
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદ્યાગ્નિકર્મ, પંચકર્મ, EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ડાયાલીસીસ વિભાગ
(સહયોગી સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)
શહેરના કીડની રોગની તકલીફ ધરાવતા જરૂરીયાતમંદ દર્દીઓ માટે સંસ્થા સંચાલિત ડાયાલીસીસ વિભાગમાં ઘર જેવું સુવિધામય, સ્વચ્છ, નિરામય વાતાવરણ અને અદ્યતન સાધનોથી સુસજ્જ ડાયાલીસીસની સારવાર ખૂબ જ નજીવા દરે તથા સરકારશ્રીની PMJAY યોજના હેઠળ વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.
24 x 7 ઈમરજન્સી સારવાર માટે વિનામૂલ્યે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ
(સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ ચૌદસ રવિવાર ૧૪ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૮

પાનાં ૧૪+૮ કિંમત ₹ ૬.૦૦


# ઈરાન સાથે આજે શાંતિ સોદા પર હસ્તાક્ષરઃ ટ્રમ્પ

**આના** પછી તરત જ હોર્મુઝની સામુદ્રધૂનિ બધા માટે ખુલી જશે

**આજે** ટ્રમ્પની ૮૦મી વર્ષગાંઠ પણ છે

**વોશિંગ્ટન, તા. 13 :** અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે જણાવ્યું હતું કે ઈરાન સાથેના યુદ્ધનો અંત લાવવા માટે રવિવારે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે અને ત્યારબાદ તરત જ હોર્મુઝની સામુદ્રધુની બધા માટે ખુલ્લી મુકાશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં જણાવ્યું કે, આ કરાર આવતીકાલે સાઈન થવા જઈ રહ્યો છે, અને તે થયાની સાથે જ હોર્મુઝની સામુદ્રધુની બધા માટે ખુલ્લી થઈ જશે. ટ્રમ્પે આ કરાર પર હસ્તાક્ષર રવિવારે જ કરવાનો આગ્રહ કદાચ એ માટે પણ રાખ્યો હોઈ શકે છે કે રવિવારે તેમની ૮૦મી વર્ષગાંઠ છે. ટ્રમ્પે આ પ્રસ્તાવિત કરારની સરખામણી પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાના શાસનકાળ દરમિયાન ૨૦૧૫માં થયેલી પરમાણુ ડીલ સાથે પણ કરી હતી. તેમણે કહ્યું કે, ઈરાન સાથે બરાક હુસૈન ઓબામાની ડીલ, એટલે કે JCPOA, જે ઈરાન માટે પરમાણુ હથિયાર મેળવવાનો એક સરળ, સુંદર અને સીધો રસ્તો હતો, જે ઈરાનને છ વર્ષ પહેલાં જ મળી ગયું હોત અને તેમણે અત્યાર સુધીમાં ક્યારનોય તેનો ઉપયોગ પણ કરી લીધો હોત. ઈરાન સાથેનો મારો કરાર તેનાથી તદ્દન વિપરીત છે, જે પરમાણુ હથિયાર સામે એક અભેદ દીવાલ સમાન છે! વાસ્તવમાં, હવે તેઓ પરમાણુ હથિયાર ઈચ્છતા પણ નથી, અને ખરીદી, વિકાસ કે અન્ય કોઈ પણ માધ્યમ દ્વારા તેઓ તે મેળવી શકશે પણ નહીં તેમ તેમણે ઉમેર્યું હતું. ટ્રમ્પે આગળ એવો પણ

...અનુસંધાન પાના 10 પર



## લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ભારતીય સેનાના નવા વડા બનશે

**નવી દિલ્હી, તા. 13 (PTI).** લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ભારતીય સેનાના આગામી વડા બનશે અને તેઓ વર્તમાન જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીનું સ્થાન લેશે. એમ સંરક્ષણ મંત્રાલયે શનિવારે જાહેરાત કરી હતી. લેફ્ટનન્ટ જનરલ સેઠ, જેઓ સેનાના આધુનિકીકરણમાં તેમના યોગદાન અને વ્યૂહાત્મક આયોજન માટે વ્યાપકપણે જાણીતા છે, તેઓ હાલમાં આ દળના વાઇસ ચીફ તરીકે સેવા આપી રહ્યા છે. સેઠ 30 જૂનના રોજ સર્વોચ્ચ પદનો કાર્યભાર સંભાળશે જ્યારે જનરલ દ્વિવેદી નિવૃત્ત થશે. લેફ્ટનન્ટ જનરલ સેઠની નિમણૂક કરીને સરકારે સિનિયોરિટીના સિદ્ધાંતનું પાલન કર્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, "સરકારે હાલમાં આર્મી સ્ટાફના વાઇસ ચીફ તરીકે સેવા આપી રહેલા લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠની 30 જૂનની બપોરથી આગામી ચીફ ઓફ ધ આર્મી સ્ટાફ તરીકે નિમણૂક કરી છે." આ વરિષ્ઠ લશ્કરી અધિકારી નેશનલ ડિફેન્સ એકેડેમી, ખડકવાસલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને ડિસેમ્બર ૧૯૮૬માં આર્મોર્ડ કોર્પ્સમાં કાર્યરત થયા હતા. લગભગ ચાર દાયકાની વિશિષ્ટ લશ્કરી કારકિર્દી દરમિયાન સેઠ ઓપરેશનલ, વ્યૂહાત્મક, ક્ષમતા વિકાસ અને સંસ્થાકીય ક્ષેત્રોમાં વ્યાપક અનુભવ ધરાવે છે. સેનાના આધુનિકીકરણમાં તેમના યોગદાન માટે વ્યાપકપણે ઓળખાતા આ અધિકારીએ આર્મી હેડક્વાર્ટરના વ્યૂહાત્મક આયોજન અને ક્ષમતા વિકાસ વર્ટિકલ્સમાં મુખ્ય નિમણૂકો સંભાળી છે.

## ટ્રમ્પની મોટી બાંધછોડઃ ઈરાનને નાગરિક પરમાણુ કાર્યક્રમ ચાલુ રાખવા દેશે

**વોશિંગ્ટન, તા. 13:** ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને તેનો સિવિલિયન પરમાણુ કાર્યક્રમ જાળવી રાખવા દેવા માટે સંમત થયા છે. બંને પક્ષોનું કહેવું છે કે તેઓ શાંતિ કરારની અત્યાર સુધીની સૌથી નજીક છે, જેમાં ઈરાન આ પ્રક્રિયા બે ભાગમાં પૂર્ણ કરવા ઈચ્છે છે. ઈરાનમાં સિવિલિયન પાવર પ્લાન્ટ્સના વિચારથી અમને કોઈ વાંધો નથી; અમને જે વાંધો છે તે એવા પ્રકારના ઇન્ફ્રાસ્ટ્રક્ચર સામે છે જે તેમને સિવિલિયન પાવર જનરેશનમાંથી પરમાણુ હથિયારો બનાવવા તરફ આગળ વધવાની મંજૂરી આપે. એમ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ સંયુક્ત આરબ અમીરાત(UAE)નું ઉદાહરણ આપતાં જણાવ્યું કે તેમની પાસે પણ સિવિલિયન પરમાણુ ઊર્જા કાર્યક્રમ છે, જેનો ઉપયોગ બોમ્બ બનાવવા માટે થઈ શકે તેમ નથી. વિદેશ મંત્રી અરાગચીએ ઉમેર્યું હતું કે તેઓ યુદ્ધનો અંત લાવવા માટે બે ભાગનો કરાર ઈચ્છે છે. પ્રથમ ભાગ એક સમજૂતી પત્ર હશે, જેના પછી પરમાણુ મુદ્દા અને પ્રતિબંધો હટાવવા પર આધારિત એક કાયમી શાંતિ કરાર કરવામાં આવશે. તેમણે સરકારી ટેલિવિઝન પર જણાવ્યું હતું કે, પરમાણુ મુદ્દાને બીજા રાઉન્ડ અને અંતિમ કરાર માટે બાકી રાખવામાં આવ્યો છે. આ ખુલાસો દર્શાવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્રે ઈરાનને તેના સિવિલિયન પરમાણુ ઊર્જા પ્લાન્ટ્સ રાખવા માટે લીલી ઝંડી આપી દીધી છે, જ્યાં સુધી તે સાઇટ્સનો ઉપયોગ પરમાણુ હથિયાર બનાવવા માટે ન થઈ શકે. ઈરાનને

...અનુસંધાન પાના 5 પર

**વિજળી** ઉત્પન્ન કરવા માટેનો શાંતિપૂર્ણ નાગરિક પરમાણુ કાર્યક્રમ ચાલુ રહેવા દેશે, કરાર પછી ઇરાનને આર્થિક લાભ આપવાનો પણ વ્હાઇટ હાઉસનો સંકેત

### આજે ઈલેક્ટ્રોનિકલી હસ્તાક્ષરઃ પાકિસ્તાન

**ઈસ્લામાબાદ, તા. 13 (AP):** પાકિસ્તાનના વડાપ્રધાને શુક્રવારે જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન મધ્ય પૂર્વમાં તેમના યુદ્ધનો અંત લાવવાના ઉદ્દેશ્ય સાથેના કરારના મુસદ્દા પર સહમત થયા છે અને મધ્યસ્થીઓ બંને પક્ષો સાથે મળીને આ ડીલને આખરી ઓપ આપવા માટે કામ કરી રહ્યા છે. આ કરારને ૨૪ કલાકમાં આખરી ઓપ આપી દેવાય તેવી આશા છે એમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાન શહબાઝ શરીફે જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન એક અંતિમ, પરસ્પર સહમત લખાણ પર પહોંચ્યા છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન, જેણે મધ્યસ્થીના પ્રયાસોમાં અગ્રણી ભૂમિકા ભજવી છે, તે આગામી પગલાં અંગે યુદ્ધમાં સામેલ દેશો સાથે મળીને કામ કરી રહ્યું છે. શરીફે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, શાંતિ ક્યારેય આટલી નજીક નહોતી જેટલી અત્યારે છે. શરીફે

...અનુસંધાન પાના 5 પર

### ઇરાને કહ્યુંઃ અમેરિકા સાથે શાંતિ કરાર આજે નહીં

**તેહરાન :** ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરાર પર રવિવારે હસ્તાક્ષર કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે આ કરાર આગામી થોડા દિવસોમાં થઈ શકે છે, પરંતુ હજી તેની તારીખ નક્કી નથી. બઘાઈના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનની મધ્યસ્થતાથી તૈયાર થઈ રહેલા આ કરારનો હેતુ માત્ર યુદ્ધનો અંત લાવવાનો છે. આમાં હાલ પૂરતો પરમાણુ મુદ્દા પર કોઈ વાતચીત કરવામાં

...અનુસંધાન પાના 5 પર

### G-7માં ટ્રમ્પ હોર્મુઝમાંથી સુરંગો ખસેડવાની ચર્ચા કરશે

**ઇસ્લામાબાદ.** અમેરિકાના મુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી સપ્તાહે ફ્રાન્સમાં યોજાનારી 'ગ્રુપ ઓફ સેવન'(G7) સમિટ દરમિયાન સાથી દેશો સાથે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરંગો હટાવવાની યોજનાઓ અંગે ચર્ચા કરે તેવી અપેક્ષા છે, તેમ એક વરિષ્ઠ અમેરિકી વહીવટી અધિકારીએ શનિવારે જણાવ્યું હતું. આ સાથે જ મધ્યસ્થીઓએ જણાવ્યું હતું કે યુદ્ધનો અંત લાવવા માટેની સમજૂતી ખૂબ જ નજીક છે. બ્રિટન અને ફ્રાન્સ, જે બંને G7 ના સભ્યો છે, તેમણે આ સંઘર્ષ અટક્યા

...અનુસંધાન પાના 10 પર



## આસામમાં વાયુસેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્તઃ 5 જવાનોનાં મોત

**જોરહાટ** એરબેઝની હવાઇ પટી પર ઉતરાણ કરતી વખતે વિમાન સરકી ગયું, તૂટીને અગનગોળામાં ફેરવાઇ ગયું

**મૃતકોમાં** બે અધિકારીઓનો સમાવેશ, કોર્ટ ઓફ ઇન્ક્વાયરી બેસાડાઇ

**ભોગ** બનેલું વિમાન AN 32 ટ્રાન્સપોર્ટ વિમાન હતું



**નવી દિલ્હી, તા. 13 (PTI):** આસામમાં જોરહાટ ખાતે લેન્ડિંગ કરતી વખતે ભારતીય વાયુસેનાનું રશિયન મૂળનું એન્ટોનોવ એએન-૩૨ પરિવહન વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં બે અધિકારીઓ સહિત વાયુસેનાના પાંચ જવાનોના મોત થયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનના કો-પાયલોટ ઈજાગ્રસ્ત થયા છે અને જોરહાટની મિલિટરી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. આ વિમાનમાં કુલ છ જવાનો સવાર હતા. ભારતીય હવાઇ દળ(IAF)ના જણાવ્યા અનુસાર, સવારે અંદાજે ૧૦ વાગ્યે એક નિયમિત ઉડાન દરમિયાન આ વિમાન અકસ્માતનો ભોગ બન્યું હતું. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા જવાનોના નામ આ પ્રમાણે છે: સ્ક્વોડ્રન લીડર પ્રશાંત સિંહ, ફ્લાઇટ લેફ્ટનન્ટ શુભમ કુમાર, સાર્જન્ટ જિતેન્દ્ર શર્મા, અગ્નિવીરવાયુ ખેમારામ કુમાવત અને અગ્નિવીરવાયુ દાનિશ આલમ. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે 'કોર્ટ ઓફ

...અનુસંધાન પાના 10 પર

**વિદેશ મંત્રી એસ જયશંકરે માર્કો રૂબિયોને ફોન કર્યોઃ ઓમાન કાંઠે ભારતીયોના મોતનો મામલો ઉઠાવ્યો**

## ઓમાન ખાડીમાં અમેરિકી સૈન્ય હુમલાથી ભારત નારાજ

**વિદેશ** મંત્રીએ વ્યાપારી જહાજો પર અમેરિકાના હુમલાને ગેરવાજબી ગણાવ્યા

**જવાબમાં** અમેરિકી વિદેશ મંત્રીએ કહ્યું કે હોર્મુઝ વિસ્તારમાં નાકાબંધીનો ભંગ ચલાવી લેવાશે નહીં

**નવી દિલ્હી, તા. 13 (PTI).** વિદેશ મંત્રી એસ જયશંકરે શનિવારે યુએસ વિદેશ મંત્રી માર્કો રુબિયો સમક્ષ ઓમાનની ખાડીમાં એક વેપારી જહાજ પર યુએસ સૈન્ય હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના મોતના મામલાને ઉઠાવ્યો હતો. હાલમાં યુરોપના પ્રવાસે ગયેલા વિદેશ મંત્રીએ યુએસ વિદેશ મંત્રી સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીત બાદ વિદેશ મંત્રીએ કોમર્શિયલ શિપિંગ સામે યુએસ સૈન્ય દ્વારા કરવામાં આવેલી 'ઘાતક' કાર્યવાહીને ગેરવાજબી ગણાવી હતી.

જયશંકરે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, આજે સાંજે યુએસ વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે વાત કરી. મેં ખાડીમાં અમેરિકી નેવી દ્વારા કરવામાં આવેલા હુમલા, જેમાં ત્રણ

...અનુસંધાન પાના 10 પર

## ફ્રાન્સમાં G-7ના પ્રસંગે 17મીએ નરેન્દ્ર મોદીની ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત થશે

**ટેરિફ** પ્રકરણ અને ઓપરેશન સિંદુર પછી અમેરિકા સાથે સંબંધોમાં આવેલી ખટાશ પછી બંને નેતાઓની આ પ્રથમ મુલાકાત હશે

**વોશિંગ્ટન, તા. 13 (PTI):** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફ્રાન્સમાં યોજાનારી G-7 બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે, તેમ અમેરિકી અધિકારીઓને ટાંકીને સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે. આ મુલાકાત બુધવાર, ૧૭ જૂનના રોજ યોજાશે એમ સ્થાનિક મીડિયાએ અમેરિકી અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું.

...અનુસંધાન પાના 10 પર



### મોદી ફ્રાન્સ અને સ્લોવેકિયાના એક સપ્તાહના પ્રવાસે

**નવી દિલ્હી.** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે આગામી G7 સમિટમાં ભારત માત્ર પોતાના માટે જ નહીં પરંતુ 'ગ્લોબલ સાઉથ'ની આકાંક્ષાઓને પણ વાચા આપશે. ફ્રાન્સ અને

...અનુસંધાન પાના 10 પર

તા. ૧૩-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૫.૪° સે. | ૨૯.૪° સે. | ૬૯% |

